





# મુંબઈમાં ઓમાઈક્રોનનું સંકટ ઘટ્યું ?

## નવ શંકાસ્પદમાંથી સાતમાં ‘એસ-જીન’ ન મળ્યાઃ બેના રિપોર્ટની પ્રતીક્ષા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિશ્વના જે દેશોમાં ઓમાઈક્રોન વાયરસનો ચેપ ફેલાયો છે, તે દેશમાંથી મુંબઈ આવેલા ૪૮૫ પ્રવાસીઓમાંથી નવ પ્રવાસીઓ કોરોના પોઝિટિવ જણાયા હતા. તેમાંથી સાત જણના ‘એસ-જીન’ના ટેસ્ટના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. તેથી આ દર્દીઓને ઓમાઈક્રોનનો ચેપ લાગ્યો હોવાની શક્યતા નહીંવત થઈ ગઈ છે. તેથી હાલ પૂરતી મુંબઈને રાહત મળી છે. જોકે હજી સુધી બે દર્દીના રિપોર્ટ આવવાના બાકી છે.

કોવિડના નવા વેરિયન્ટ ઓમાઈક્રોનને કારણે પૂરી દુનિયામાં ચિંતા વ્યાપી ગઈ છે. કર્ણાટકમાં બે દદી ઓમાઈક્રોનના હોવાનું સામે આવ્યું છે. દક્ષિણ આફ્રિકાથી મુંબઈ સીધી કોઈ ફ્લાઈટ નથી. છતાં મોટી સંખ્યામાં દરરોજ પ્રવાસીઓ વિમાનમાર્ગે મુંબઈ આવતા હોય છે. ઓમાઈક્રોનના સંક્રમિત ૪૦ દેશમાંથી ગયા મહિને ૨,૮૬૮ પ્રવાસીઓ મુંબઈ આવ્યા છે, તેમાંથી ૪૮૫ પ્રવાસીઓની કોવિડની ટેસ્ટ કરવામાં આવી હતી, જેમાં નવ પ્રવાસી કોરોના અસરગ્રસ્ત (જુઓ પાનું ૪)

### અમુક સેમ્પલ પુણે મોકલ્યા

મુંબઈ મહાનગરપાલિકા સંચાલિત કસ્તુરબા હૉસ્પિટલમાં જિનોમ સિક્વેન્સિંગની ટેસ્ટ થાય છે. જોકે અહીં એક સમયમાં ૨૮૮ સેમ્પલ રાખવા પડે છે. તેથી તાત્કાલિક અહેવાલ મેળવવા માટે તમામ ૧૬ દર્દીઓના સેમ્પલના જિનોમ સિક્વેન્સિંગ ટેસ્ટ કરવા માટે પુણેની લેબોરેટરીમાં મોકલવામાં આવી છે. ઓમાઈક્રોનને લગતી સૂચના જાહેર થવા પહેલાં જ મુંબઈમાં આવ્યા બાદ કોરોના અસરગ્રસ્ત થયેલા પ્રવાસીઓને પણ પાલિકા શોધી રહી છે. જેમાં સાત પ્રવાસી કોરોના અસરગ્રસ્ત હોવાનું જણાઈ આવ્યું છે.

# સ્કૂલો ચાલુ ન થઈ છતાં ફીની ઉઘરાણી




- લેબોરેટરી, લાઈબ્રેરી, એસી/ ઈલેક્ટ્રિસિટીનો વપરાશ ન થયો હોવા છતાં ફીની વસૂલી
- રાજ્ય સરકારે પણ વાલીઓને બદલે સંચાલકોની જ તરફેણ કરી
- વાલીઓમાં આક્રોશઃ હાઈ કોર્ટમાં સુનાવણીની લંબાતી જતી તારીખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના અનેક ગ્રામીણ વિસ્તારોમાં સ્કૂલો ખુલી ગઈ છે, પરંતુ મુંબઈ-પુણે જેવા મહાનગરોમાં હજી સુધી સ્કૂલો ખોલવામાં આવી ન હોવા છતાં વાલીઓ પાસે શાળાના સંચાલકો ફી માટેની આકરી ઉઘરાણી કરી રહ્યા હોવાથી વાલીઓમાં નારાજગી ફેલાઈ છે. રાજ્ય સરકારે ફીમાં રાહત આપવાનો આદેશ બહાર પાડ્યો તેનાથી પણ વાલીઓ સંતુષ્ટ નથી, ત્યારે આ મુદ્દે મુંબઈ હાઈ કોર્ટમાં કરવામાં આવેલી પિટિશનનો હજી સુધી નિકાલ આવ્યો ન હોવાથી વાલીઓમાં અસંતોષ છે, જેનો ગમે ત્યારે ભડકો થઈ શકે છે.

આખી દુનિયામાં કોરોનાનો રોગચાળો ફેલાયો ત્યારબાદ લોકડાઉન લાગુ કરવામાં આવ્યું હતું. મહારાષ્ટ્રમાં લોકડાઉન દરમિયાન સ્કૂલો ચાલુ નહોતી અને ઓનલાઈન શિક્ષણ આપવામાં આવતું હતું. ૨૦૨૦-૨૧નું આખું વર્ષ ઓનલાઈન શિક્ષણ આપવામાં આવ્યું હતું તેમ જ ૨૦૨૧-૨૨ના શૈક્ષણિક વર્ષનો મોટા ભાગનો સમય (અત્યારે સરકારના નિર્દેશ મુજબ ૧૫ ડિસેમ્બરથી મુંબઈ પુણે જેવા મોટા શહેરોની સ્કૂલો ખુલવાની છે, આમ લગભગ ૧૧માંથી લગભગ સાત મહિનાનું શિક્ષણ ફક્ત ઓનલાઈન જ થયું છે. આમ છતાં મોટા ભાગની સ્કૂલો વિદ્યાર્થીઓ પાસેથી બધી જ ફી માગી રહી છે. વાસ્તવમાં લેબોરેટરી, લાઈબ્રેરી, વર્ગોનો ઉપયોગ જ આ સમયગાળામાં થયો નથી. ટર્મ ફી અને સ્કૂલ બસ ફી તો વાલીઓ પાસેથી ખંડણી વસૂલ કરવા જેવી છે. સંચાલકોએ વીજળી-સાહિત્ય વગેરે અનેક બાબતોમાં ભારે બચત કરી છે. આમ છતાં આ બચતનો લાભ વિદ્યાર્થીઓ અને પરિણામે વાલીઓને આપવામાં (જુઓ પાનું ૪)

# ઓમાઈક્રોનનો ભયઃ એપીએમસીમાં પ્રવેશ માટે માસ્ક અનિવાર્ય

નવી મુંબઈ, તા. ૩ : દેશમાં ઓમાયક્રોનનો પગપેસારો થયો છે ત્યારે વાશીના એગ્રિકલ્ચરલ પ્રોડ્યુસ માર્કેટ કમિટી (એપીએમસી)માં કડક નિયમો અમલમાં મુકવામાં આવ્યા છે. એપીએમસી માર્કેટનું પ્રશાસન પણ કોરોનાના વેરિયન્ટનો સામનો કરવા સજ્જ થઈ ગયું છે. બજારમાં પ્રવેશવા માટે ગ્રાહક, વેપારી, કામદારો બધા માટે માસ્ક પહેરવું (જુઓ પાનું ૪)

કાશ્મીર
લેહ-લદાખ
હિમાચલ
કીન્નૌર-લાહુલ-સ્પીતી
આસામ-મેઘાલય-અરૂણાચલ
નેપાલ
Hazel Tours
khar (w). Since 2003
Pankaj Chheda 9869559938
www.hazeltnt.in




મુંબઈ સમાચારની પોઝિટિવ ન્યૂઝની નવી પહેલ

# મુંબઈમાં એક દિવસમાં કોરોનાથી ૨૧૦ રિકવર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કોરોનાના ઘટતા કેસ અને રિકવર કેસની વધતી સંખ્યાના અહેવાલ મહાનગર પાલિકા માટે રાહતદાયક છે, પરંતુ નવા વેરિયન્ટનું જોખમ પાલિકા પ્રશાસન અને મહારાષ્ટ્ર સરકાર પર યથાવત રહ્યું છે. શુક્રવારે મુંબઈ પાલિકાની હદમાં એક દિવસમાં કોરોનાના નવા ૧૮૬ કેસ નોંધાયા હતા, જ્યારે કોરોનાથી ૨૧૦ દર્દી રિકવર થયા હતા, એમ પાલિકાએ જણાવ્યું હતું. એક દિવસમાં કોરોનાથી ૨૧૦ રિકવર થવાથી કુલ રિકવર કેસની સંખ્યા વધીને ૭,૪૩,૬૦૨ થઈ છે, જેમાં સરેરાશ રિકવરી રેટ ૯૭ ટકા નોંધાયો (જુઓ પાનું ૪)

# ઓમાઈક્રોનનું સંકટ

# મહારાષ્ટ્રમાં ૨૮ શંકાસ્પદ કેસ, ૪૮ કલાક મહત્ત્વપૂર્ણઃ સરકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્યમાં કોરોનાનું સંકટ ધીમે ધીમે ઘટી રહ્યું છે, પરંતુ નવા વેરિયન્ટ ઓમાઈક્રોનના વધતા કેસની સંખ્યાને કારણે મહારાષ્ટ્ર સરકારની ઊંઘ હરામ થઈ ગઈ છે. નવા વધતા કેસ અને ટેસ્ટિંગના અહેવાલને લઈ સરકાર વધુ સતર્ક બની છે ત્યારે મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં શંકાસ્પદ ૨૮ દર્દીની સંખ્યા નોંધાઈ છે ત્યારે આગામી ૪૮ કલાક સૌથી મહત્ત્વપૂર્ણ હોવાનું મહારાષ્ટ્ર સરકારે જણાવ્યું હતું.

ઓમાઈક્રોનના શંકાસ્પદ દર્દીઓની ઉંમર ૬૯, ૩૪, ૪૫ અને ૪૮ વર્ષ છે. શંકાસ્પદ દર્દીઓમાં સામાન્ય લક્ષણો છે તથા તેમને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. કર્ણાટકમાં ઓમાઈક્રોનના સત્તાવાર રીતે બે કેસ મળ્યા બાદ મહારાષ્ટ્રમાં વધતા શંકાસ્પદ કેસને કારણે ચિંતાનો માહોલ ઊભો થયો છે.

ઓમાઈક્રોનના શંકાસ્પદ દર્દીઓમાં મોટા ભાગના લોકો મુંબઈ, થાણે અને પુણેના છે. છેલ્લા એક મહિનાથી વિદેશમાંથી મહારાષ્ટ્રમાં પરત ફર્યા છે, જેમાં ૨૫ લોકો વિદેશથી પરત ફર્યા હતા, જ્યારે ત્રણ લોકો તેમના સંપર્કમાં આવવાથી સંક્રમિત થયા છે. આ તમામ લોકોના રિપોર્ટ પણ કોરોના પોઝિટિવ આવ્યા છે. હાલમાં આ તમામ લોકો ઓમાઈક્રોનના સંકટથી સંક્રમિત છે કે નહીં (જુઓ પાનું ૪)

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# કોવિડને ધ્યાનમાં રાખીને પાંચથી સાત ડિસેમ્બર પેંગોડા બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિને તેમનું અભિવાદન કરવા માટે છ ડિસેમ્બરના દર વર્ષે ગોરાઈના ગ્લોબલ પૅગોડામા મોટી સંખ્યામાં લોકોનો ધસારો રહેતો હોય છે. જોકે કોવિડના નવા વેરિયન્ટ ઓમાઈક્રોનના જોખમને જોતા તકેદારીના પગલાને ધ્યાનમાં રાખીને પાંચથી સાત ડિસેમ્બર દરમિયાન ગ્લોબલ પૅગોડા બંધ રાખવાનો નિર્ણય મુંબઈ મહાનગરપાલિકા પ્રશાસને લીધો છે. તેથી આ સમય દરમિયાન ગ્લોબલ પૅગોડામા લોકોએ આવવું નહીં એવી અપીલ પાલિકાએ કરી છે. ■

# સ્પીકર કૉંગ્રેસનો હોવો જોઈએઃ પટોલે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષની ચૂંટણી ૨૨મી ડિસેમ્બરથી ચાલુ થનારા વિધાનસભાના શિયાળુ સત્રમાં મૌખિક મતદાન દ્વારા કરવામાં આવશે, એમ મહારાષ્ટ્ર કૉંગ્રેસના અધ્યક્ષ નાના પટોલેએ શુક્રવારે જણાવ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું હતું કે આ ચૂંટણીમાં મહાવિકાસ આઘાડીનો ઉમેદવાર કૉંગ્રેસનો વિધાનસભ્ય હશે. અહીં ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષના ફેબ્રુઆરી મહિનામાં મહારાષ્ટ્ર કૉંગ્રેસના અધ્યક્ષપદ સ્વીકારવા માટે નાના પટોલેએ વિધાનસભાના અધ્યક્ષપદેથી રાજીનામું આપ્યું હતું. ત્યારથી આ પદ રિક્ત છે.

વિધાનસભાના અધ્યક્ષપદની ચૂંટણીની પ્રક્રિયા ત્રણ દિવસની છે અને અત્યાર સુધીના બધા અધિવેશનનો કાર્યકાળ કોરોનાને કારણે ટુંકાવવામાં આવ્યો હોવાથી ચૂંટણી થઈ શકી નહોતી. આગામી વિધાનસભાના સત્રમાં અધ્યક્ષપદની ચૂંટણી મતપત્રિકાને બદલે મૌખિક મતદાન દ્વારા કરવામાં આવી શકે છે. આમાં કશું જ ખોટું નથી. દરેક રાજ્યોમાં આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. અત્યારસુધી મહારાષ્ટ્ર વિધાનસભામાં અધ્યક્ષપદની ચૂંટણી દરવખતે સર્વસંમતિથી થઈ છે. ૨૮૮ સભ્યોના ગૃહમાં મહાવિકાસ આઘાડી પાસે ૧૫૨ સભ્યો છે. ■




PACKAGE INCLUSIONS
• 04 Nights Accommodation • Breakfast, Lunch & Dinner
• Return Speed Boat Transfers • GST & Maldives Green Tax
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle West, Mumbai-400056.
(022) 26103073, 26635600 07506679945, 09004994449

# એનસીબીએ ટોચના પાંચ ડ્રગ્સ કેસ હસ્તગત કરવા ડીજીપીને પત્ર લખ્યો

## મલિક કહે છે કે આની પાછળનો હેતુ શંકાના દાયરામાં

મુંબઈ, કેન્દ્રના ગૃહ મંત્રાલયે ડ્રગ્સ કેસમાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી)ના કાર્યક્ષેત્રનો વ્યાપ વધાર્યો છે. ગૃહ મંત્રાલયે બધા રાજ્યોને આદેશ આપ્યો છે કે પાંચમી ડિસેમ્બર સુધી ડ્રગ્સ સંબધિત બધા કેસ એનસીબીને ટ્રાન્સફર કરવાનો આદેશ આપ્યો છે. ગૃહપ્રધાન અમિત શાહે આ હુકમ બધા રાજ્યોને આપ્યો છે. વિરોધ પક્ષોએ આ નિર્ણયની ટીકા કરી છે . કૉંગ્રેસે કહ્યું છે કે આ સમવાય તંત્ર પર હુમલો છે, કૉંગ્રેસે એવો સવાલ કર્યો છે કે શું રાજ્યની પોલીસ બિન કાર્યક્ષમ છે. દરમ્યાન એનસીબીના મહાસંચાલકે રાજ્યના ડિરેક્ટર જનરલ અ પોલીસને પત્ર લખીને રાજ્ય પોલીસ પાસે રહેલા ડ્રગ્સ કેસ એનસીબીને ટ્રાન્સફર કરવાનું કહ્યું છે. આ પત્રમાં અમીત શાહના આદેશનો ઉલ્લેખ કરાયો છે. આ અંગે મહારાષ્ટ્રના પ્રધાન નવાબ મલિકે કહ્યું હતું કે એનસીબીએ રાજ્ય પોલીસના એન્ટિ નાર્કોટિક્સના ટોચના પાંચ કેસ સોંપી દેવા જણાવ્યું છે. મલિકે કેન્દ્ર સરકારની દાનત અંગે પણ સવાલ ઉપસ્થિત કર્યા હતા. તેમણે આ પત્રની પ્રત મીડીયાને બતાડી હતી. મલિકે કહ્યું હતું કે એનસીબીના ડિરેક્ટર જનરલ એસ. એન. પ્રધાને (જુઓ પાનું ૪)

# મુંબઈ પાલિકાની સામાન્ય સભામાં ભારે ધમાલ

## ભાજપ-શિવસેનાના નગરસેવક સામ-સામે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાયર હૉસ્પિટલમાં સમયસર સારવાર નહીં મળતા ચાર મહિનાના બાળકનું ત્રણ દિવસ પહેલાં મોત થયું હતું. આ મુદ્દાને લઈને શુક્રવારે મુંબઈ મહાનગરપાલિકાની સામાન્ય સભામાં ભારે ધમાલ થઈ હતી. ચર્ચા દરમિયાન શિવસેના-ભાજપ સામે સામે થઈ ગયા હતા.

વરલીની બીડીડી ચાલમાં ગેસ સિલિન્ડરના સ્ફોટને કારણે લાગેલી આગમાં એક જ પરિવારના ચાર મહિનાના બાળક સહિત ચાર લોકો જખમી થયા હતા. તેમને નાયર હૉસ્પિટલમાં સારવા માટે લઈ જવામાં આવ્યા હતા. જોકે સારવાર આપવામાં ફરજ પર રહેલા ડોકટરો દ્વારા વિલંબ કરવામાં આવ્યો હતો. તેના પરિણામ સ્વરૂપે ચાર મહિનાના બાળકને બચાવી શકાયું નહોતું. આ મુદ્દે પાલિકાની આરોગ્ય સમિતિના ભાજપના ૧૧ સભ્યોએ રાજીનામ આપી દીધા હતા. શુક્રવારે સ્થાયી સમિતિમાં આ મુદ્દે નગરસેવકોએ પ્રશાસનને બાનમાં લીધા હતા. આ પ્રકરણમાં પ્રશાસને બે ડોકટર સહિત એક નર્સને સસ્પેન્ડ કર્યા છે અને પૂરા પ્રકરણની તપાસ કરવા માટે ત્રણ સભ્યોની એક સમિતિ પણ બનાવી છે. તેની માહિતી સ્થાયી સમિતિમાં પ્રશાસને રાખી હતી. જોકે ભાજપ સહિત કોંગ્રેસના નગરસેવકોએ તેનાથી સંતુષ્ટ થયા નહોતા.

સ્થાયી સમિતિમાં ધમાલ બાદ ભાયખલામાં આવેલા રાણીબાગમાં સાંજે સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં ભાજપ અને (જુઓ પાનું ૪)

"MUMBAI SAMACHAR" newspaper (Periodicity-Daily) Printed and Published at their press "Mumbai Samachar" by Meherwanji Rustomji Cama at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708. on behalf of the owners The Bombay Samachar Pvt. Ltd. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**